
# આયુષ્માને કમર્શિયલ ફિલ્મોનો રસ્તો પકડી લીધો છે

ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર



આયુષ્માન ખુરાના હવે કમર્શિયલ ફિલ્મોમાં વધુ જોવા મળી શકે છે. 'વિકી ડોનર' જેવી અલગ ફિલ્મથી શરૂઆત કરીને સામાજિક વિષયની ફિલ્મો વધુ કરનાર આયુષ્માન રસ્તો બદલી રહ્યો છે. બોલિવૂડના સૌથી વિશ્વસનીય સ્ટાર્સમાંના એક ગણાતા આયુષ્માનની હોરર - કોમેડી ફિલ્મ 'થામા' દિવાળી પર આવી રહી છે ત્યારે તેણે એવો ઈશારો કર્યો છે કે તે આવી મસાલા ફિલ્મોમાં વધુ દેખાશે. એની પાસે કારણ પણ છે. તે માને છે કે બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરતી ફિલ્મો કરવી જરૂરી છે. તેની 'ડ્રીમ ગર્લ', 'બધાઈ હો' અને 'બાલા' હળવી કોમેડી ફિલ્મો હતી. 'એક્શન હીરો' એક કમર્શિયલ ફિલ્મ હતી. તે કહે છે કે કમર્શિયલ સિનેમા કરવાથી 'અનેક' અને 'આર્ટિકલ 15' જેવી ફિલ્મોને ટેકો મળે છે. વ્યાવસાયિક રીતે સફળ ફિલ્મોથી અલગ પ્રકારની ફિલ્મો કરવા માટે હિંમત મળે છે. દરેક કલાકારની કારકિર્દીમાં આ સંતુલન ખૂબ જ મહત્વપૂર્ણ છે. 'અનેક'ને કમર્શિયલ નજરે જોઈ શકાતી નથી. કેમ કે તે 100 કરોડની ફિલ્મ નથી. આયુષ્માને હંમેશા હાઇબ્રિડ ફિલ્મો કરી છે. જોખમ લેવાથી જ પુરસ્કાર મળે છે. ભલે એ ફિલ્મો ઓછા કે મધ્યમ બજેટની હશે પણ ગુણવત્તાની રીતે વધુ સારી હશે. એ માને છે કે દર્શકો નાના બાળકો જેવા હોય છે. એમને મીઠી ગોળી આપવી પડે છે. જો દવા કડવી લાગશે તો મજા આવશે નહીં. એ કહે છે કે કોરોના પછી તે ખૂબ જ ટેબૂ વિષયોથી દૂર રહ્યો છે પરંતુ પોતાની વિચિત્રતા કે કન્ટેન્ટ-આધારિત સિનેમા પ્રત્યેની પ્રતિબદ્ધતા છોડી નથી. તેની આગામી ફિલ્મો સૂરજ બડજાત્યાની અને કરણ જોહરની છે. જેને વ્યાપક દર્શકોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી રહી છે. અલબત્ત અપરંપરાગત ફિલ્મો કરવાનું ચાલુ રાખશે. કારણ કે તે કારકિર્દીનો મુખ્ય ભાગ છે. હવે તેની ફિલ્મોમાં મનોરંજનનો ભાગ મેસેજ કરતાં વધારે હશે. આયુષ્માન હજી અનોખી વાર્તાઓ તો કરશે પણ એમાં મસાલા અને મનોરંજનનું પ્રમાણ વધી જશે. હવે થોડા હળવા મૂડની, પરિવાર સાથે જોઈ શકાય એવી ફિલ્મો તરફ ધ્યાન આપી રહ્યો છે. તે સમયની સાથે તાલ મિલાવી રહ્યો છે. આયુષ્માને અત્યાર સુધી જે 'હટકે' વિષયો પર ફિલ્મો કરી તેનાથી સન્માન અને પ્રશંસા મળ્યા છે. હવે તે જે વળાંક લઈ રહ્યો છે તેનાથી તે માસ ઓડિયન્સ સુધી પહોંચી શકશે. ઘણાં મોટા બેનર સાથે કામ કરવાથી આયુષ્માન માત્ર 'કન્ટેન્ટ હીરો' નહીં 'કમર્શિયલ સ્ટાર' તરીકે પણ ઓળખાશે.

# આલિયા ભટ્ટનું ધ્યાન અત્યારે મોટી ફિલ્મો પર છે?

છેલ્લા ઘણા સમયથી આલિયા ભટ્ટ પડદા પર દેખાઈ રહી નથી. તે પસંદગીની ફિલ્મો કરી રહી છે એ કારણ તો છે, એ સાથે તે હવે પરિવાર માટે વધુ સમય ફાળવી રહી છે. પણ તેથી આલિયા ભટ્ટની કારકિર્દી ઠંડી પડી ગઈ છે એમ કહી શકાય નહીં. હકીકતમાં આલિયાની કારકિર્દી ગરમી પકડી રહી છે! આલિયા ભટ્ટ જાહેરમાં 'દેખાતી નથી' કારણ કે તે મોટાભાગનો સમય સેટ પર અને ઘરે પોતાની દીકરી સાથે વિતાવી રહી છે. તે મોટા પ્રોજેક્ટ્સ અને વૈશ્વિક સ્તરની ઓળખ સાથે વધુ ઊંચાઈએ પહોંચી રહી છે. આગામી બે વર્ષમાં તેની ફિલ્મો રિલીઝ થશે ત્યારે તે ફરીથી ચર્ચામાં આવી જશે. હાલમાં આલિયા ઓછી જોવા મળી રહી હોય તો તેની પાછળનાં મુખ્ય કારણો વ્યક્તિગત જિંદગી અને આવનારા મોટા પ્રોજેક્ટ્સ પરનું ધ્યાન છે. સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર' માં પતિ રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે કામ કરી રહી છે. જે માર્ચ 2026 માં રજૂ થવાની છે. યશ રાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની 'આલ્ફા' માં 'સુપર એજન્ટ'ની ભૂમિકા ભજવશે. આ તેની પહેલી એક્શન ફિલ્મ છે અને ડિસેમ્બર 2025 માં રજૂ થવાની છે. આ બે મેગા ફિલ્મો ઉપરાંત કરણ જોહરની બીજી એક મોટી રોમાન્સ ફિલ્મમાં જોવા મળી શકે છે. તે એવોર્ડ અને પ્રશંસા પણ મેળવી રહી છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે નેશનલ ફિલ્મ એવોર્ડ અને 'રોકી ઔર રાની...' માટે રેકોર્ડ-બ્રેકિંગ પાંચમો ફિલ્મફેર એવોર્ડ મળ્યો છે. આલિયાએ પોતાની કારકિર્દીમાં અલગ-અલગ પ્રકારના પાત્રો ભજવ્યા છે. તે માત્ર એક જ પ્રકારની ભૂમિકાઓ પૂરતી સીમિત રહી નથી. 'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની ગ્લેમરસ 'શનાયા' માંથી નીકળીને 'હાઇવે'માં કિડનેપ થયેલી ડરેલી 'વીરા'નું પાત્ર ભજવ્યું. જે દર્શકોને ચોંકાવી દે એવું હતું. આલિયાની ફિલ્મો માત્ર ક્રિટિક્સને જ નહીં દર્શકોને પણ પસંદ આવે છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી', 'બ્રહ્માસ્ત્ર' અને 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' જેવી ફિલ્મોની સફળતા સાબિત કરે છે કે લોકો માત્ર તેનો ચહેરો જોવા નથી આવતા તેના અભિનય અને ફિલ્મની ગુણવત્તા પર વિશ્વાસ રાખીને આવે છે. આલિયા ભટ્ટની સફળતાનું મોટું શ્રેય તેના પિતાના નામને નહીં, તેના પોતાના કામને જાય છે. હિન્દી સિનેમામાં આજે તે ટોચની કલાકાર છે. તેણે સાબિત કરી દીધું છે કે નેપોટિઝમ ભલે દરવાજો ખોલી આપે પણ અંદરની મુસાફરી તો માત્ર પ્રતિભા અને મહેનતથી જ પૂરી થાય છે. તેણે પોતાની પ્રોડક્શન કંપની શરૂ કરીને 'ડાર્લિંગ્સ' જેવી વખાણવાલાયક ફિલ્મ બનાવી હતી. એમાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. એક કલાકાર તરીકે જોખમ લેવાની અને નવી વાર્તાઓ રજૂ કરવાની તેની આ ક્ષમતા તેની કારકિર્દીને વધુ મજબૂત બનાવે છે.



# નોબેલ પ્રાઈઝે ખોલી નાખ્યું શરીરનું રહસ્ય !

## કેન્સર અને ડાયાબિટીસનો ઈલાજ હાથવેંતમાં! આ ત્રણ વિજ્ઞાનિકોએ તાંતણે તાંતણો ખોલી દીધો અને જીતી લીધું નોબેલ પ્રાઈઝ

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

1788નું વર્ષ હતું. યુરોપમાં ઑસ્ટ્રિયા અને ઑટોમન સામ્રાજ્ય વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. એક રાત્રે ઑસ્ટ્રિયન સૈનિકો થાકેલા, ભૂખ્યા અને તરસ્યા હતા. રસ્તામાં તેમને પ્રીમિયમ દારૂની કેટલીક બોટલો દેખાઈ. યુદ્ધ હજુ અટક્યું ન હતું, પરંતુ મૂડ હળવો કરવા માટે થોડા પીણાં પીવાથી શું નુકસાન થઈ શકે? એવું એ લોકોએ વિચાર્યુ અને ત્યાંથી જ મુશ્કેલી શરૂ થઈ! જ્યારે તેમના પોતાના સાથીઓ નશામાં ધૂત સૈનિકો પાસે પહોંચ્યા, ત્યારે તેમણે બોટલો છીનવી લીધી. ઝઘડો થયો, પછી બંદૂકો તાકી. કેમ્પમાં રહેલા સૈનિકોએ ગોળીઓનો અવાજ સાંભળ્યો અને વિચાર્યું કે દુશ્મને હુમલો કર્યો છે! આખી રાત અરાજકતા છવાઈ ગઈ. જ્યારે સવારે સૂર્ય ઉગ્યો, ત્યારે ખબર પડી કે ઑસ્ટ્રિયન સૈનિકોએ દુશ્મનને નહીં પણ પોતાના સાથીઓને ગોળીઓથી છલની કરી દીધા હતા! યુદ્ધના મેદાનમાં આ અંદરોઅંગરનો હુમલો ઑસ્ટ્રિયન સૈન્ય માટે ભારે અપમાનનું કારણ બન્યું હતું. હવે સમજો - આપણા શરીરમાં પણ આવું જ એક 'યુદ્ધ' થાય છે. દરેક ક્ષણે, વિરામ લીધા વિના. ફરક માત્ર એટલો છે કે અહીં દારૂ નથી પરંતુ લાખો સૂક્ષ્મ જીવાણુઓ છે - અને આપણા એન્ટિબોડીઝ તેમની સામે લડે છે. પણ કલ્પના કરો, જ્યારે શરીરની અંદર આટલી બધી ભીડ છે, ત્યારે આપણા ઈમ્યુન સેલ્સ (રોગપ્રતિકારક કોષો) કેવી રીતે ઓળખે છે કે કોણ દુશ્મન છે અને કોણ આપણા પોતાના? તેઓ પોતાના સ્વસ્થ કોષો પર હુમલો કેમ નથી કરતા?

આ રહસ્ય ત્રણ વૈજ્ઞાનિકો - મેરી બ્રુન્કો, ફ્રેડ રેમ્સડેલ અને શિમોન સાકાગુચી દ્વારા ઉકેલવામાં આવ્યું હતું. અને આ શોધ - પેરિફેરલ ઈમ્યુન ટોલરન્સ - માટે તેમને 2025નો મેડિસિનમાં નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો છે. રોગપ્રતિકારક શક્તિ પર થોડું સમજીએ. આપણી રોગપ્રતિકારક શક્તિ શરીરની 'સંરક્ષણ સેના' છે. તેમાં ઘણા એકમો છે, પરંતુ બે સૌથી મહત્વપૂર્ણ છેઃ

T-કોષોઃ તેઓ સીધા ચેપગ્રસ્ત કોષો પર હુમલો કરે છે.

B-કોષોઃ તેઓ એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે જે વાયરસ અને બેક્ટેરિયાને શોધી કાઢે છે અને તેનો નાશ કરે છે.

આ બંને આપણા 'કેન્દ્રીય તાલીમ કેન્દ્ર' - બોનમેરો અને થાઈમસમાં વિકસિત થાય છે. પછી તેઓ સમગ્ર શરીરમાં 'પોસ્ટિંગ' (ફરજ) પર જાય છે, મતલબ કે - 'પેરિફેરલ ઈમ્યુન સિસ્ટમ'માં તૈનાત થાય છે. પરંતુ દરેક સૈન્યની જેમ, કેટલાક 'બળવાખોર સૈનિકો' ઉભરી આવે છે - જેઓ ભૂલથી પોતાના શરીરના કોષોને દુશ્મનો સમજી લે છે. આ તે જગ્યા છે જ્યાં ટાઈપ 1 ડાયાબિટીસ અથવા રુમેટોઈડ સંધિવા જેવા સ્વયંપ્રતિરક્ષા રોગો ઉદ્ભવે છે.

### ત્રણ નોબેલ પુરસ્કાર વિજેતાઓ કોણ કોણ છે?



ફ્રેડરિક જે. રેમ્સડેલ
(જન્મઃ 4 ડિસેમ્બર, 1960)
એલ્મહર્સ્ટ, ઇલિનોઇસ, યુએસએ
સોનોમા બાયોથેરાપ્યુટિક્સ,



મેરી ઇ. બ્રુન્કો (જન્મઃ 1961)
ઇન્સ્ટિટ્યૂટ ફોર સિસ્ટમ્સ બાયોલોજી,
સિએટલ, વોશિંગ્ટન, યુએસએ



શિમોન સાકાગુચી
(જન્મઃ 19 જાન્યુઆરી, 1951)
નાગાહામા, શિગા, જાપાન
ઓસાકા યુનિવર્સિટી, ઓસાકા, જાપાન

આ ત્રણ વૈજ્ઞાનિકોના સંશોધનથી સાબિત થાય છે કે આ સિસ્ટમમાં શરીરના કયા કોષો આપણા પોતાના છે અને કયા વિદેશી દુશ્મનો છે તે ઓળખવાની ક્ષમતા છે. અને જો આ સિસ્ટમ કામ કરવાનું બંધ કરી દે, તો માનવ અસ્તિત્વ મુશ્કેલ બનશે. પરંતુ એક પ્રશ્ન હંમેશા સંશોધકોના મનમાં રહે છે - જ્યારે વાયરસ અને બેક્ટેરિયા પોતાનું સ્વરૂપ બદલી નાખે છે અથવા શરીર જેવું થવા લાગે છે, ત્યારે રોગપ્રતિકારક શક્તિ તેમને કેવી રીતે ઓળખે છે? અને તે વારંવાર પોતાના શરીર પર હુમલો કેમ નથી કરતી?

પહેલા શું માનવામાં આવતું હતું? : પહેલા, સંશોધકો માનતા હતા કે રોગપ્રતિકારક કોષો (રક્ષણ કોષો) 'સેન્ટ્રલ ઈમ્યુન ટોલરન્સ' નામની પ્રક્રિયા દ્વારા વિકસિત થાય છે. પરંતુ આ પ્રક્રિયા આપણી રોગપ્રતિકારક શક્તિ કરતાં ઘણી વધુ જટિલ અને બુદ્ધિશાળી હોવાનું બહાર આવ્યું છે. મેરી બ્રુન્કો, ફ્રેડ રેમ્સડેલ અને શિમોન સાકાગુચીના સંશોધન દ્વારા આ સાબિત થયું છે.

**આપણા શરીરમાં 'રેગ્યૂલેટરી ટી સેલ્સ' નામના ચોક્કસ રોગપ્રતિકારક સેલ્સ છે. આ સેલ્સ 'સુરક્ષા રક્ષકો' તરીકે કાર્ય કરે છે, જે ખાતરી કરે છે કે રોગપ્રતિકારક શક્તિ વધુ પડતી સક્રિય ન થાય અને તેના પોતાના ભાગોને નુકસાન ન પહોંચાડે છે**

આ ત્રણ વૈજ્ઞાનિકોએ 'પેરિફેરલ ઈમ્યુન ટોલરેન્સ' વર્ણવી હતી. તેમના સંશોધનમાં જાણવા મળ્યું છે કે આપણા શરીરમાં 'રેગ્યૂલેટરી ટી સેલ્સ' નામના ચોક્કસ રોગપ્રતિકારક સેલ્સ છે. આ સેલ્સ 'સુરક્ષા રક્ષકો' તરીકે કાર્ય કરે છે, જે ખાતરી કરે છે કે રોગપ્રતિકારક શક્તિ વધુ પડતી સક્રિય ન થાય અને તેના પોતાના ભાગોને નુકસાન ન પહોંચાડે છે.

આ શોધ કેવી રીતે થઈઃ વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં નવજાત ઉંદરો પર પ્રયોગો કર્યા. જ્યારે ઉંદરના શરીરમાંથી થાઈમસ (ટી-કોષો માટે તાલીમ કેન્દ્ર) દૂર કરવામાં આવ્ય, ત્યારે તેમની રોગપ્રતિકારક શક્તિ નિયંત્રણ બહાર ગઈ અને તેમના પોતાના અંગોને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું. અહીંથી રહસ્ય શરૂ થયું કે - આ અનિયંત્રિત રોગપ્રતિકારક શક્તિને કોણ નિયંત્રિત કરે છે?

શિમોન સાકાગુચીની શોધઃ સાકાગુચીએ સ્વસ્થ ઉંદરમાંથી કેટલાક ટી કોષોને બીમાર ઉંદરોમાં સ્થાનાંતરિત કર્યા, અને પરિણામો આશ્ચર્યજનક હતા. રોગપ્રતિકારક શક્તિ થોડી જ વારમાં શાંત થઈ ગઈ! આનાથી સાબિત થયું કે ખાસ ટી કોષો છે જે અન્ય ટી કોષોને નિયંત્રિત કરે છે, જે શરીરની "નિયમનકારી શક્તિ" તરીકે કાર્ય કરે છે. સાકાગુચીએ તેમને નિયમનકારી ટી-કોષો (ટ્રેગ્સ) નામ આપ્યું. આ ટી-કોષો આપણા શરીરની 'આંતરિક સુરક્ષા એજન્સી' તરીકે કાર્ય કરે છે - કોઈપણ બળવાખોર કોષોને તાત્કાલિક ઓળખે છે અને કન્ટ્રોલ કરે છે.

ફ્રેડ રેમ્સડેલ અને માયરી બ્રુન્કો દ્વારા યોગદાનઃ ૧૯૪૦ના દાયકામાં અમેરિકન પ્રયોગશાળાઓમાં કેટલાક વિચિત્ર ઉંદરોનો જન્મ થયો હતો. તેમની ચામડી છોલાઈ ગઈ, તેમના બરોળ ફૂલી ગયા અને તેઓ ઝડપથી મૃત્યુ પામ્યા હતા. તેમને 'સ્કર્ફી ઉંદર' કહેવામાં આવ્યા હતા.

દાયકાઓ પછી રેમ્સડેલ અને બ્રુન્કોએ તેમના ડીએનએની તપાસ કરી અને જાણવા મળ્યું કે તેમને FOXP3 નામના જનીનમાં ખામી હતી. આ જનીન નિયમનકારી ટી કોષો (ટ્રેગ્સ) માટે જરૂરી છે. જ્યારે આ જનીન ખામીયુક્ત બને છે, ત્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ પોતાની સામે લડવાનું શરૂ કરે છે. આને ઓટોઈમ્યુન રોગ કહેવામાં આવે છે. આ શોધે ઓટોઈમ્યુન રોગોની સારવાર, કેન્સર ઉપચાર અને રોગપ્રતિકારક મોડ્યુલેશન સંશોધન માટે નવા દરવાજા ખોલ્યા હતા.

તબીબી ક્ષેત્રને શું ફાયદો થયો? : મેરી બ્રુન્કો, ફ્રેડ રેમ્સડેલ અને શિમોન સાકાગુચીના સંશોધને તબીબી વિજ્ઞાનમાં એક નવો માર્ગ ખોલ્યો છે. આનાથી સ્વયંપ્રતિરક્ષા રોગો (જેમ કે ટાઈપ 1 ડાયાબિટીસ, રુમેટોઈડ સંધિવા, મલ્ટીપલ સ્ક્લેરોસિસ, વગેરે) માટે નવી સારવારની દિશા ખૂલી છે. આ ઉપરાંત, આ સંશોધન કેન્સરની સારી સારવાર અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પછી થતી સમસ્યાઓને દૂર કરવામાં ઉપયોગી થશે.

નોબેલ પુરસ્કાર માટેનું કારણ : આ ત્રણ વૈજ્ઞાનિકોની શોધથી સ્પષ્ટ થયું કે શરીરમાં 'શાંતિ' એ માત્ર રોગપ્રતિકારક શક્તિની આડઅસર નથી, પરંતુ એક વૈજ્ઞાનિક રીતે સંગઠિત રણનીતિ છે. એક એવી રણનીતિ જે દરરોજ લાખો 'મૈત્રીપૂર્ણ આગ'ની ઘટનાઓને અટકાવે છે. જો ૧૭૮૮માં ઑસ્ટ્રિયન સૈન્ય પાસે આવી વ્યવસ્થા હોત, તો કદાચ તે રાતને 'ઈતિહાસની સૌથી મોટી ભૂલ' ન થઈ હોત.



# પ્લાસ્ટિકના ફૂલ

આંખની અટારી
★ હેમુ ભીખુ

સ્વાભાવિક છે દરેકને કુદરતી ફૂલ ન પણ મળી શકે. દરેક વ્યક્તિને કુદરતી ફુલ દર વખતે પોષાય તેમ ન પણ હોઈ શકે. ક્યારેક ખરીદશક્તિ હોય તો પણ કુદરતી ફૂલ ન મળે. જ્યારે કુદરતી ફુલ મળે ત્યારે કયું ફૂલ મળશે તે કુદરત નક્કી કરે. દર વખતે ઈચ્છા કે પસંદગી મુજબનું ફૂલ ન પણ મળી શકે. બની શકે કે પ્રાપ્ત કરેલું ફૂલ ઈચ્છિત સમયગાળા સુધી જેમનું તેમ ન પણ રહી શકે. કુદરત અને કુદરતી તત્વો તેમનાં સિદ્ધાંતોને અનુસરે, નહીં કે માનવીની મહેચ્છાને. આવાં સંજોગોમાં પ્લાસ્ટિકના ફૂલ તરફનો ઝુકાવ વધે તે સ્વાભાવિક છે.

પ્લાસ્ટિકના ફૂલ સસ્તા, ટકાઉ, વિકલ્પથી ભરપૂર તેમજ વધુ રંગીન હોય છે. પ્લાસ્ટિકના ફૂલો કદી કરમાય નહીં. તેનામાં મૂળભૂત સુગંધ ન હોય તેથી તેની સુગંધહીન થવાની સંભાવના પણ ન હોય. તેનો રંગ અને ટેક્સચર લગભગ કાયમ માટે અથવા લાંબા સમય સુધી ટકી રહે. તે મુરઝાય નહીં. તે ચીમળાઈ નહીં. તે કદી વાસી ન થાય. તેની મજબૂતાઈ પણ વધારે હોય. કોઈપણ પ્રકારની માવજતની તેને આવશ્યકતા ન હોય. દરેક ઋતુમાં મળી શકે, જોઈતી સંખ્યામાં મળી શકે, જોઈતાં માપનાં મળી શકે. તેની પસંદગીમાં વધારે વિકલ્પો પણ હોય. તે બધાં સાથે પ્લાસ્ટિકનું ફૂલ નવાં જ સ્વરૂપે, બે ભિન્ન ફુલના સમન્વય તરીકે પણ હોઈ શકે. આમ, પ્લાસ્ટિકના ફૂલો વિવિધ રંગો, આકારો અને ડિઝાઈનમાં મળતા હોવાથી તેનાં ઉપયોગમાં રસપ્રદ વૈવિધ્ય લાવી શકાય અને નવાં નવાં 'ક્રિએટીવ આઈડિયા'નું પ્રયોજન શક્ય બને.

પ્લાસ્ટિકના ફૂલોના વપરાશથી કુદરતી ફૂલોનું અસ્તિત્વ ટકી શકે. છોડ કે બાગ-બગીચાનો કુદરતી માહોલ લાંબા સમય સુધી સુંદર રહી શકે. તેની સામે પ્લાસ્ટિક બાયોડિગ્રેડેબલ ન હોવાથી તેમાંથી બનાવાયેલ ફૂલો પર્યાવરણને નુકસાન પહોંચાડી શકે. એક તરફ તે કુદરતી ફૂલોને બચાવી લે તો બીજી તરફ તેનો નિકાલ સમસ્યા રૂપ બની રહે. વળી, પ્લાસ્ટિકના ફૂલો સાથે ભાવાત્મક જોડાણ ઓછું રહે. કોઈ વ્યક્તિને કુદરતી ગુલાબ આપવું અને પ્લાસ્ટિક ગુલાબ આપવું, એ બે વચ્ચે લાગણીની દૃષ્ટિએ કોઈ સરખામણી શક્ય નથી. ભાવના તેમજ કળાની અભિવ્યક્તિ માટે કુદરતી ફૂલોનું પ્રભુત્વ માનવ ઈતિહાસમાં કદાચ કાયમ સુધી જળવાઈ રહેશે. વ્યવહારમાં ઘણાં એવાં સ્થાનો છે કે જ્યાં પ્લાસ્ટિકના ફૂલ કુદરતી ફૂલનું સ્થાન લઈ શકે અને લેતાં પણ હોય છે. જ્યાં હાર કે ફૂલ લાંબા સમય સુધી રાખી મૂકવાનાં હોય, કુદરતી ફુલ ઉગાડવાની કે રાખવાની સંભાવના બહુ ઓછી હોય, લાંબા સમય સુધી શણગાર ટકાવી રાખવાનો હોય, સુગંધની આવશ્યકતા ન હોય અને માત્ર દેખાવ જરૂરી હોય, કુદરતી ફૂલ સરળતાથી મળવાની સંભાવના ન હોય, જે તે કારણસર ફૂલનો વારંવારનો ઉપયોગ જરૂરી હોય, ખર્ચની સીમા હોય, શૈક્ષણિક પ્રવૃત્તિ માટે પ્રતિકાત્મક રીતે ફૂલની આવશ્યકતા હોય, વિશેષ પ્રકારની હસ્તકળા કે લલિતકળામાં 'મજબૂત' ફુલની આવશ્યકતા હોય, કુદરતી ફૂલોની કોઈને એલર્જી હોય કે જે તે વ્યક્તિગત કારણોસર પ્લાસ્ટિકના ફૂલો માટેની જ પસંદગી હોય, તો સ્વાભાવિક રીતે તે પ્રકારનાં ફૂલ કોઈપણ પ્રકારના સંકોચ વગર ઉપયોગમાં લેવાતાં હોય છે.

માનવ દ્વારા બનાવવામાં આવેલ પ્રત્યેક વસ્તુ ચોક્કસ હેતુ માટે બનાવાય છે અને તે હેતુ માટે તો તે જ વસ્તુ સર્વથા યોગ્ય છે તેમ કહેવાય. દરેક વસ્તુની ઉપયોગીતા હોય છે. દરેક વસ્તુ કોઈ ચોક્કસ પ્રયોજન માટે વધુ યોગ્ય રહેતી હોય છે. જ્યાં સુધી આ ઉપયોગીતા જળવાઈ જતી હોય, જ્યાં સુધી હેતુ સિદ્ધ થતો હોય, જ્યાં સુધી આડઅસરો પ્રમાણમાં નિયંત્રિત રહેતી હોય ત્યાં સુધી સ્વીકૃતિ માટે કોઈ ફરિયાદ ન હોવી જોઈએ.

કુદરતી અને કૃત્રિમ વચ્ચેની પસંદગી જટિલ છે. આજના સમયે આ પસંદગી નિર્ણાયક પણ છે. સાંપ્રત સમયે મેકઅપ કરાયેલ પ્લાસ્ટિકના ફુલ જેવી સુંદરતાને મહત્ત્વ વધુ મહત્ત્વ મળે છે. ક્યારેક તો 'કુદરતી સ્વરૂપ' જોવાં જ નથી મળતું. એકબીજાને મળતી વખતે સ્માઈલની જે આપ-લે થાય છે તે સ્માઈલ પણ ક્યારેક પ્લાસ્ટિકની હોય છે. અમુક સંજોગોમાં, અમુક સ્થાને, અમુક વ્યક્તિને મળતો આવકાર પણ પ્લાસ્ટિકનો જણાતો હોય છે. ક્યારેક તો હમદર્દી અને પ્રેમ પણ પ્લાસ્ટિકનાં હોય તેવી શંકા ઊભી થાય છે. આમ પણ જીવન કુદરતથી દૂર થઈ રહ્યું છે. રોજિંદા જીવનને નિર્ધારિત કરનાર પરિબળ તરીકે હવે સૂર્યપ્રકાશનું એટલું મહત્ત્વ નથી, હવે વીજળીનો ગોળો દિનચર્યા નિર્ધારિત કરવામાં વધુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

સાંપ્રત સમયે પ્લાસ્ટિકના મહત્ત્વને અવગણી ન શકાય. દુનિયામાં ચારે બાજુ પ્લાસ્ટિકનું પ્રભુત્વ છે. પ્લાસ્ટિક વિના સરળ જીવનની કલ્પના હવે મુશ્કેલ બનતી જાય છે. ક્યારેક તો એમ જણાય છે કે જો દુનિયામાંથી પ્લાસ્ટિકની એકદમ બાદબાકી થઈ જાય તો માનવી પોતાની જાતને 'લોકેટ' ન કરી શકે. પ્લાસ્ટિકના જેમ પ્રશ્નો છે તેમ ફાયદા પણ છે. પ્લાસ્ટિક પર્યાવરણને નુકસાન પહોંચાડી શકે છે તો ફાયદો પણ પહોંચાડી શકે છે. જો પ્લાસ્ટિકની ખુરશી બનાવવામાં ન આવે તો દુનિયામાંથી રોજ અસંખ્ય ઝાડ કપાતાં રહે. જો પ્લાસ્ટિકની બાલ્ટી બનાવવામાં ન આવે તો પાણીલક્ષી વ્યવહારમાં ઘણાં પ્રશ્નો રહે.

**કુદરત અને કુદરતી તત્ત્વો તેમનાં સિદ્ધાંતોને અનુસરે, નહીં કે માનવીની મહેચ્છાને. આવાં સંજોગોમાં પ્લાસ્ટિકના ફૂલ તરફનો ઝુકાવ વધે તે સ્વાભાવિક છે**

પ્રશ્ન પ્લાસ્ટિકના સંતુલિત અને વિવેકપૂર્ણ ઉપયોગનો છે. જ્યાં જરૂરી છે ત્યાં તો તે જરૂરી છે જ પરંતુ જ્યાં જરૂરી નથી ત્યાં પ્લાસ્ટિકના ઉપયોગમાં સંયમ જરૂરી છે. પ્લાસ્ટિકને કારણે પર્યાવરણના જે પ્રશ્નો ઊભાં થાય છે તે પ્રત્યે, તે માટે જાગ્રતતા કેળવવા માટે ક્યારેક શહેરોમાં 'દોડ'નું આયોજન કરવામાં આવતું હોય છે. આ દોડમાં ભાગ લેનાર દરેક દોડવીરને પાણી પ્લાસ્ટિકની બોટલમાં આપવામાં આવે છે. પ્રશ્ન અહીં છે. પ્લાસ્ટિકના ફૂલો તો ચાલી જાય પરંતુ આ પ્રકારનો 'દંભ', સમાજ તેમજ પર્યાવરણ માટે જોખમી છે.